
# કેન્દ્રિય નાણામંત્રી ૨૦મીએ ગીફટસીટી આવશે



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક નવ વિકસીત ગીફટ સીટીની મુલાકાતે કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામન આવી રહ્યા છે. આગામી ૨૦મી નવેમ્બરે તેઓ ગીફટસીટીની મુલાકાત લેશે.

આ મુલાકાત વાયબ્રન્ટ સમિટની તૈયારીના ભાગરૂપે યોજાઈ રહી છે. શ્રીમતી નિર્મલા સીતારામન ગુજરાત સરકારના પ્રતિનિધીઓ અને ગિફટસીટીના પદાધિકારીઓ સાથે તેઓ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં યોજાનારી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સની તૈયારીઓની સમીક્ષા કરસે. આ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના રોકાણકારો અને ગ્લોબલ બિઝનેસ લિડર્સની સાથે કોરોના બાદ અર્થતંત્રને વૈશ્વિક સ્તરે ઉંચુ લાવવા અંગે પરામર્શ કરશે. ગિફટસીટી ભારતના અર્થતંત્ર માટે ખૂબ જ મોટી ભૂમિકા ભજવી રહ્યુ છે. આગામી દિવસોમાં ભારતના અર્થતંત્રમાં તે વધુ મોટી ભૂમિકા ભજવશે. ગિફટસીટીમાં જ આ કોન્ફરન્સ યોજાવાની હોવાથી તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે નાણામંત્રી અહીં આવી રહ્યા છે. કોરોનાના સમયગાળામાં અર્થતંત્રમાં આવેલી ભારે ગીરાવટ બાદ ભારત સહિત સમગ્ર વૈશ્વિક દેશો અર્થતંત્રને ઉંચુ લાવવા વિવિધ પગલાંઓ લઈ રહ્યા છે. આત્મનિર્ભર ભારત પહેલની પણ આ કોન્ફરન્સમાં ચર્ચા કરવામાં આવશે.



શિયાળાની ઠંડીમાં પણ શહેરમાં કેટલાક વૃક્ષો ફૂલોથી લચી પડયા છે. હાલમાં શહેરના માર્ગો પર ઠેર ઠેર પીળા ફૂલોથી લચી પડેલા વૃક્ષો જોવા મળી રહ્યા છે. માર્ગોને નયનરમ્ય બનાવી રહેલા આ વૃક્ષો શહેરને આગવું સૌંદર્ય બક્ષી રહ્યા છે. આ માર્ગો પર ફરવા નીકળો તો અનોખો આનંદ અને શાંતિ અનુભવાય છે.

## આજે મેયર-કમિશનર દિલ્હી જઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૭

સ્વચ્છતા સર્વેક્ષણના પરિણામોમાં ગાંધીનગર મહાનગરપાલિકાને શોર્ટ લીસ્ટ કરાઈ છે અને ૨૦મીએ દિલ્હી ખાતે યોજાનાર કાર્યક્રમમાં પરિણામની ઘોષણા સાથે એવોર્ડથી રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરવામાં આવશે. દિલ્હી ખાતે ૨૦મીએ યોજાનાર કાર્યક્રમને લઈ મનપાના મેયર હિતેશ મકવાણા, મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ, ડે. મ્યુનિ. કમિશનર સુશ્રી પૂજાબેન બાવડા તેમજ સેનીટેશન સુપ્રિ. સંદીપસિંહ ૧૮મીએ હવાઈ માર્ગે દિલ્હી જશે.તેઓ ત્યાં સ્વચ્છતા અંગેના કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.

# સ્માર્ટસીટીના વિકાસ કામોમાં થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન પ્રથા લાગુ કરાશે : મકવાણા

ગાંધીનગર, તા. ૧૭

સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા વિકાસ કામોની ગુણવત્તા ચકાસણી માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનનો અભિગમ અપનાવવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત ગઈકાલે મનપાના પદાધિકારીઓએ સ્માર્ટસીટી અને ઈજનેરી શાખાના અધિકારીઓની યોજેલી સંયુક્ત બેઠકમાં આપ્યો છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ હાલ ચાલી રહેલા કામોની જાણકારી પદાધિકારીઓએ મેળવી હતી. વિકાસ કામો સમય-મર્યાદામાં પૂર્ણ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો તેમજ કામની ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહિ તેમ પણ સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો હતો.

ઘ-૪ પાસેના અન્ડરપાસની જાળી તુટી જવાની ઘટનાને લઈ આ બેઠકમાં સારી એવી ચર્ચાઓ થઈ હતી. આ બેઠકમાં જાળી વારંવાર દુરસ્ત કરવાની વાતથી છુટકારો મેળવવા તેમજ તેના કાયમી ઉકેલ માટે પણ જણાવવામાં આવ્યુ હતુ. આગામી બે દિવસમાં આ દુરસ્તીની કામગીરી પૂર્ણ થઈ જશે તેવુ અધિકારીઓએ જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ સે. ૨૧ના માર્કેટ વિસ્તારમાં ચાલતા પાર્કિંગની કામગીરી અંગે આજે પદાધિકારીઓએ તંત્રના અધિકારીઓને સાથે રાખી મુલાકાત કરી હતી. આ વેળાએ વેપારી સંગઠ્ઠનોની રજુઆતોને પણ સાંભળવામાં આવી હતી.

પાર્કિંગની કામગીરી જે ધીમી ગતિએ ચાલે છે તેને લઈ પદાધિકારીઓએ થોડીક નારાજગી દર્શાવી હતી. કમ્પાઉન્ડ વોલ સહિતના કામોમાં વેપારીઓને પણ બહુ મુશ્કેલીઓ ઉભી થાય નહિ તે જોવા સૂચના આપવામાં આવી હતી.

ડીસ્ટ્રીક્ટ શોપીંગ સહિતના વિસ્તારમાં ઝડપથી કામગીરી પૂર્ણ થાય તે જોવા જણાવાયુ હતુ. આ વિસ્તારમાં ગટર ઉભરાવવાની, સ્વચ્છતા સહિતના મુદ્દાઓ પર પણ ધ્યાન કેન્દ્રીત કરવા જણાવવામાં આવ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં ફરજો બજાવતા કર્મચારીઓની વિગતો તેમના એજ્યુકેશનલ ક્વોલીફીકેશન તેમજ અનુભવ અને ભરતી પ્રક્રિયા સહિતની વિગતો પદાધિકારીઓને આપવાની સૂચના પણ આપવામાં આવી છે.

# શહેરમાં ટ્રીમીંગ અને વનઆરક્ષિત વિસ્તારની સફાઈના નામે મીંડુ

**વનતંત્ર પાસે પૈસા અને મજુરો બન્ને નથી : મુખ્યમાર્ગો પર સાઇન બોર્ડસ પણ વૃક્ષોની ડાળીઓમાં લપેટાયા : વન આરક્ષિત વિસ્તારમાં પણ કચરાનો ઢગ : સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઇટો માટે પણ ડાળીઓ આડશ બની : વાઇબ્રન્ટને અનુલક્ષી સે-૧૭ એકઝિબ્યુશન સેન્ટરમાં ટ્રીમીંગ શરૂ**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી વરસાદી દિવસોના અંતે ટ્રીમીંગની અનિવાર્યતા છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના અજવાળા માટે આડશ બનેલી ડાળીઓ દુર કરવામાં પણ નિરસતા સેવાઈ રહી છે. મેનપાવર અને ગ્રાન્ટના અભાવ વચ્ચે વનતંત્ર લાંબા સમયથી એકશન મોડમાં નથી જો કે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સે-૧૭ એકઝિબ્યુશન સેન્ટર પાસે ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે ત્યારે મુખ્યમાર્ગો પર સાઈન બોર્ડસ માટે આડશ બનેલી વૃક્ષોની ડાળીઓ પણ હજુ દુર થઈ નથી વન આરક્ષિત વિસ્તારમાં પણ કચરાનો ઢગ જોવા મળી રહ્યો છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે ટ્રીમીંગનુ કામ થયુ નથી નગરના મુખ્યમાર્ગો પર કેટલાક ઠેકાણે ટ્રીમીંગ કરી કામગીરી આટોપી લેવામાં આવી હતી જેના લીધે વરસાદી દિવસો બાદ દિવાળી પર્વના અંતે પણ હજુ સુધી નગરમાં હરિયાળી વનરાજી વચ્ચે વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ નગરજનો માટે ઠેર ઠેર આડશ બની રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રીમીંગના અભાવે વૃક્ષોની ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે અવરોધરૂપ બનતા માર્ગો પર અજવાળુ પથરાતુ નથી. નગરના મુખ્યમાર્ગો પર મુકવામાં આવેલા સાઈન બોર્ડસ પણ વૃક્ષોની ડાળીઓના લીધે બિનઉપયોગી બન્યા છે. વોક વે પર પણ નમી પડેલી ડાળીઓ વોકીંગ કરનારાઓ માટે અડચણરૂપ બની રહી છે. એકબાજુ વાઈબ્રન્ટ સમિટની ઉજવણીને અનુલક્ષી નગરમાં માર્ગ સુધારણા અને ફુટપાથના ગાબડા પુરવા માટે પણ હવે કામગીરી હાથ ધરાશે ત્યારે માર્ગ મકાન વિભાગે વૃક્ષોની ડાળીઓના ટ્રીમીંગ માટે પણ વનતંત્રને પત્ર લખ્યો છે. બીજીતરફ વનતંત્ર પાસે હાલ મજુરો નથી તેમજ ગ્રાન્ટનો પણ અભાવ છે. બોરીજ રેન્જમાં ૭૨ મજુરો કાર્યરત છે જયારે આ મેનપાવર ચાર નર્સરી પુનિત વન , વન ચેતનાની જાળવણી માટે કાર્યરત છે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર પર ટ્રીમીંગનુ કામ શરૂ કરાયુ છે. પરંતુ હજુ સુધી શહેરના મુખ્યમાર્ગોની આસપાસ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી સેકટરોમાં આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગનુ કામ થાય તે માટે સ્થાનિકોએ માંગણી કરી છે. આમછતા વનતંત્ર કક્ષાએથી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી વધુમાં નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ બિનજરૂરી વન્સ્પિતનો ઢગ ખડકાયો છે. જેની સફાઈ થતી નથી ફુટપાથ પર કચરો ઉગી નિકળ્યો છે. વન આરક્ષિત વિસ્તારમાં પણ યોગ્ય સફાઈ કરવાની અનિવાર્યતા છે.



તડામાર તૈયારીઓ - વાયબ્રન્ટ સમિટના પગલે શહેરના બીજા અન્ડરપાસ એટલે ગ-૪ના અન્ડરપાસની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... રાત-દિવસ ચાલતી કામગીરી ડિસેમ્બર સુધીમાં સંપન્ન થાય એવો ટાર્ગેટ નિયત કરાયો છે... શહેરના બંને મુખ્યમાર્ગો પરના અન્ડરપાસ થતાં ટ્રાફીકનો પ્રશ્ન હળવો થશે એમ મનાય છે... જ્યારે ચ-માર્ગ પર 'ચ-૨' અને 'ચ-૩'ના અન્ડર પાસને પણ મંજુરી અપાઈ ગઈ છે પરંતુ વાયબ્રન્ટ સમિટ બાદ કામગીરી શરૂ કરાશે એવી ચર્ચાઓ છે....

# વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના તમામ મુખ્યમાર્ગોનુ પેચવર્ક કરાશે

**નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગ પાછળ ૫ કરોડ ખર્ચાશે : જયારે માર્ગોના પેચવર્ક પાછળ પણ ૩ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૧૭

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનના કામો હાથ ધરવા માટે તંત્ર હવે એકશન મોડમાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે રાત થોડી અને વેશ જાજા જેવી સ્થિતિ છે. શહેરમાં લાંબા સમયથી માર્ગ સુધારણાના કામો હાથ ધરાયા નથી જયારે હવે માર્ગોને ટુંકાગાળામાં ચકાચક બનાવવા માટે પેચવર્ક કરવાનુ આયોજન કરાયુ છે. નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે આ ઉપરાંત તમામ મુખ્યમાર્ગોનુ પેચવર્ક કરવા માટે પણ રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ધીમે ધીમે કામગીરી તેજ ગતિ પકડી રહી છે. જાન્યુઆરી મહીનામાં યોજનારી વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી તંત્રએ માર્ગ સુધારણા સહીત ફુટપાથના ગાબડા પુરવા તેમજ બ્યુટીફિકેશનના કામો તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. વાઈબ્રન્ટ સમિટને આડે હવે થોડા દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે જરૂરી કામોને મંજુરી આપી ત્વરિત અસરથી તંત્ર એકશન મોડમાં આવે તે દિશામાં પણ પ્રયાસ થઈ રહ્યા છે. એક રીતે જોવા જઈએ તો રાત થોડી અને વેશ જાજા જેવો ઘાટ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં લાંબા સમયથી માર્ગ સુધારણાની કામગીરી પણ બંધ છે વરસાદી દિવસો બાદ દિવાળીના અંતે હવે વાઈબ્રન્ટ નજીક આવતા તંત્ર નગરને વાઈબ્રન્ટ લુક આપવા કામે લાગ્યુ છે. શહેરના તમામ મુખ્યમાર્ગોને પેચવર્ક કરવાના કામને મંજુરી આપી દેવામાં આવી છે. માર્ગો પર પાતળુ લેયર કરીને પેચીસ તેમજ ઉબડ ખાબડ વિસ્તારને ઢાંકવાનો પ્રયાસ કરી રોડ નેટવર્કને ચકાચક બનાવવાનો પ્રયાસ કરાશે આ ઉપરાંત કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે. શહેરના મુખ્ય ઘ માર્ગની હાલત વધુ ખરાબ હોવાના લીધે ઘ માર્ગનુ રીસરફેસીંગ કરાશે. જેની પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કની આસપાસના માર્ગોનુ પેચ વર્ક કરવામાં આવશે જયારે પાર્કની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં મિલ્કતોના સર્વેની કામગીરી ૩૦મી સુધીમાં પૂર્ણ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં ૩૦મી નવેમ્બર પહેલાં મિલ્કતોના સર્વેની કામગીરી સંપન્ન કરવા માટે તાકીદ કરવામાં આવી છે. આ માટે સર્વેની ટીમો વધારવા તેમજ રાત્રીના ૮ સુધી સર્વેની કામગીરી કાઉન્સીલરોને સાથે રાખી કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

નવા ભેળવવામાં આવેલા ૧૮ ગામ અને ૧ ન.પા. વિસ્તારમાંથી ૧૨ જેટલા ગામોમાં મિલ્કતોના સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે જ્યારે બે ગામોમાં હાલ આ કામગીરી ચાલી રહી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ૬૦ જેટલી ટીમો દ્વારા મિલ્કતોના સર્વેની કામગીરી ચાલી રહી છે. વાવોલ, રાંધેજા, કોલવડા, પેથાપુરમાં આ કામગીરી હજુ બાકી છે. સરગાસણમાં કામગીરી શરૂ કરાઈ છે અને કુડાસણમાં ૧ દિવસમાં કામગીરી પૂર્ણ થશે તેવો અંદાજ છે.

ટીમ દ્વારા અત્યાર સુધીમાં ૪૫ હજાર જેટલી મિલ્કતોના સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. એક લાખથી વધુ મિલ્કતોનો સર્વે થશે તેવો અંદાજ છે. જો કે નવેમ્બર સુધીમાં આ કામગીરી સંપન્ન કરવા માટે એજન્સીને તાકીદ કરવામાં આવી છે. સર્વેની કામગીરી ૮ વાગ્યા સુધી કરવામાં આવે તેમજ જે તે વિસ્તારના કાઉન્સીલરોને જરૂર પડ્યે સાથે રાખી આ કામગીરી નિયત સમય-મર્યાદામાં જ પૂર્ણ કરવા માટે તાકીદ કરતાં તંત્રએ જરૂર પડ્યે ટીમોની સંખ્યા વધારવામાં આવે.

દેવ દિવાળી પછી કદાચ ૧૫ જેટલી ટીમો વધુ જોડાશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મિલ્કતોના સર્વે પછી તેના વર્ગીકરણ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આગામી નાણાંકીય વર્ષથી સમાન વેરો બધા જ વિસ્તારોને લાગુ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં મિલ્કતોની આકારણી સાથે મનપાના અર્થતંત્રમાં આગામી દિવસોમાં મોટા ફેરફારો પણ જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

# આજથી ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રા અડાલજના જગન્નાથ મંદિરેથી આરંભાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામયાત્રાનો આરંભ થશે. અડાલજ સ્થિત જગન્નાથ મંદિરેથી આ યાત્રાનો આરંભ થશે. આ પ્રસંગે રાજયમંત્રી કિશોરસિંહ ડીંડોર ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આત્મનિર્ભર ગ્રામ યાત્રા માટે બે રથ બનાવવામાં આવ્યા છે. જિલ્લાતંત્ર દ્વારા આ માટે જિલ્લા પંચાયતની દરેક બેઠકવાર લાયઝન અધિકારીઓ તેમજ રૂટ સુપરવાઈઝરોની નિયુક્તી કરી દેવામાં આવી છે.

આ યાત્રા દરમ્યાન વેક્સિનેશન, વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો, પ્રધાનમંત્રી આવાસ યોજના, સજીવ ખેતી અને તેના ફાયદા, સ્વચ્છતા મિશન મનરેગા યોજના સહિત વિવિધ વાતોને વણી લેવામાં આવશે. આ માટે ખાસ શોર્ટ ફિલ્મ્સ પણ બનાવવામાં આવી છે જે દર્શાવવામાં આવશે.

જિલ્લામાં ૧૫૦ જેટલા ગામો આ યાત્રા દરમ્યાન આવરી

● અનુસંધાન પાન-૭ પર


TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬


### બેસણું - (મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ)



અમારા પ.પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ.ચંદ્રિકાબેન હસમુખલાલ જોશી તા.૧૩/૧૧/૨૦૨૧ના રોજ ૮૬ વર્ષની ઉંમરે દેવલોક પામ્યાં છે. સદ્‌ગતનું બેસણું તા.૧૯/૧૧/૨૦૨૧ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સે-૧૨, ગાંધીનગર.

શ્રીપ્રકાશ હસમુખલાલ જોશી (પુત્ર)
ચિરાગ હસમુખલાલ જોશી (પુત્ર)
મનીષા હસમુખલાલ જોશી (પુત્રી)
ચિન્મય શ્રીપ્રકાશ જોશી (પૌત્ર)
હર્ષ શ્રીપ્રકાશ જોશી (પૌત્ર)
શ્રેય ચિરાગ જોશી (પૌત્ર)
રિદ્ધિ નિખિલકુમાર જોશી (દોહિત્રી)
(મો.૯૪૨૬૩૫૯૦૭૪, ૯૦૯૯૦૬૬૭૯૭)

મીરા શ્રીપ્રકાશ જોશી (પુત્રવધૂ)
નેહા ચિરાગ જોશી (પુત્રવધૂ)
નિખિલ સનતકુમાર જોશી (જમાઈ)
શ્રેયાશ્રી ચિન્મય જોશી (પૌત્રવધૂ)
મમતા (પૌત્રવધૂ)
શ્રી ચિરાગ જોશી (પૌત્રી)
નિસર્ગ નિખિલકુમાર જોશી(દોહિત્રી)
તથા સમસ્ત જોશી પરિવાર...

### બેસણું



સ્વ. હેમન્તકુમાર શિવશંકર ત્રિવેદી તા. ૧૬/૧૧/૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. સદ્‌ગતનું બેસણું તા. ૧૮/૧૧/૨૦૨૧ને ગુરૂવારના રોજ અમારા નિવાસસ્થાને સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૯૦/૧, સેક્ટર-૧૪, ગાંધીનગર

લી.
ગં. સ્વ. દેવયાનીબેન હેમન્તકુમાર ત્રિવેદી (પત્ની)
રાજેન્દ્રકુમાર હેમન્તકુમાર ત્રિવેદી (પુત્ર) (૯૪૨૬૫૩૪૬૮૮)
ભૂમિકાબેન રાજેન્દ્રકુમાર ત્રિવેદી (પુત્રવધૂ) (૯૪૦૮૬૬૩૬૩૫)
નિયતી રાજેન્દ્રકુમાર ત્રિવેદી (પૌત્રી)
શુભમ રાજેન્દ્રકુમાર ત્રિવેદી (પૌત્ર)
ચેતના કિર્તીકુમાર ભટ્ટ (પુત્રી)
પલ્લવી યોગેશકુમાર ભટ્ટ (પુત્રી)


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com